# હર... હર... મહાદેવ.... મહાનગરનો મહાનાદ

## શહેરમાં દરેક શિવાલયોમાં મહાશિવરાત્રી પર્વની ધામધૂમપૂર્વક ઊજવણી કરાશે : ધોળેશ્વર મહાદેવ, પંચદેવ મંદિર અને વૈજનાથ મહાદેવ મંદિરમાં ભક્તોનું ઘોડાપુર ઉમટશે


ગાંધીનગર, તા. ૨૮

શહેરના શિવાલયો 'હર હર મહાદેવના જયઘોષ' થી ગાજી ઉઠશે. મહાશિવરાત્રીના તહેવારમાં ગાંધીનગર શહેર આખુ શિવમય બની જાય છે. સવારથી જ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જામી જાય છે. ગાંધીનગરમાં પંચદેવ મંદિર, ભૂવનેશ્વર મહાદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ, વાસણિયા મહાદેવમાં સૌથી વધારે ભક્તોનું ઘોડાપૂર જોવા મળે છે.

મહાશિવરાત્રીનો તહેવાર ભગવાન શિવ અને માતા પાર્વતીના લગ્નની યાદમાં ઊજવવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીની પૂજા કરવાથી વિવાહિત જીવન સુખી રહે છે. આ દિવસે શિવભક્તો ઉપવાસ રાખે છે અને ભગવાન ભોલેનાથની પૂજા કરે છે. એક વર્ષમાં કુલ ૧૨ શિવરાત્રીઓ આવે છે પરંતુ મહાશિવરાત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે. ત્યારે ભાવિકો શિવજીને અભિષેક, પૂજન, શિવમહિમ્ન સ્તોત્રના પાઠ કરીને જીવને શિવમાં પરોવવાનો પુરુષાર્થ કરશે.


શ્રીકૃપાનાથ મહાદેવ, સમદર્શન આશ્રમ, સેક્ટર-૧




ત્ર્યંબકેશ્વર મહાદેવ, સેક્ટર-૮




વૈજનાથ મહાદેવ, સેક્ટર-૨૧



### વૈજનાથ મહાદેવ મંદિર

ગાંધીનગર - માણસા હાઈવે પર આવેલું વૈજનાથ મંદિર જેને વાસણિયા મહાદેવ મંદિર તરીકે ઓળખવામાં આવે છે. આ મંદિર વાણસ ગામની નજીક આવેલું હોવાથી વાસણિયા મહાદેવ મંદિર પણ કહેવાય છે. આ મંદિર ૨૦૦૦ વર્ષ જૂનું છે. પૂરીના જગન્નાથના રથના આકારનું આ મંદિર કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ અદ્ભૂત છે. આ મંદિર જીર્ણ થતા શંકરસિંહ વાઘેલાએ પુનઃજીર્ણોદ્ધાર કરીને આ મંદિરના વિકાસમાં ચાર ચાંદ લગાવ્યા છે. શ્રવણી સોમવારે અહીંયા મોટો મેળો ભરાય છે. પ્રસંગોપાત સાંજના સમયે પોલીસ બેન્ડ દ્વારા વગાડાતી ધૂનથી વાતાવરણને પવિત્ર બનાવે છે. આ મંદિરમાં રહેલા માતા પાર્વતીજીની મૂર્તિ પર કપાળ પર સૂર્યનું પહેલું કિરણ સ્પર્શ કરે છે. મંદિરની પ્રદક્ષિણા કરતી વખતે ૧૨ જ્યોતિર્લિંગનના દર્શન થઈ શકે છે. સંકટમોચન હનુમાનજીની ૫૧ ફૂટની ભવ્ય મૂર્તિ છે, મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.


પંચમુખી મહાદેવ, સેક્ટર-૫




પંચદેવ મંદિર, સેક્ટર-૨૨



## પંચાક્ષર સ્તોત્ર

નાગેન્દ્રહારાય ત્રિલોચનાય ભસ્માંગરાગાય મહેશ્વરાય
નિત્યાય શુદ્ધાય દિગંબરાય તસ્મૈ 'ન' કારાય નમઃ શિવાય ॥ ૧ ॥

મંદાકિનીસલિલચંદનચર્ચિતાય નંદીશ્વરપ્રમથનાથમહેશ્વરાય
મંદારપુષ્પબહુપુષ્પસુપૂજિતાય તસ્મૈ 'મ (મઃ)' કારાય નમઃ શિવાય ॥ ૨ ॥

શિવાય ગૌરીવદનાબ્જવૃંદ સૂર્યાય દક્ષાધ્વરનાશકાય
શ્રી નીલકંઠાય વૃષધ્વજાય તસ્મૈ 'શિ'કારાય નમઃ શિવાય ॥ ૩ ॥

વસિષ્ઠકુંભોદ્ભવ ગૌતમાર્ય-મુનીન્દ્રદેવાર્ચિતશેખરાય
ચંદ્રાર્કવૈશ્વાનરલોચનાય તસ્મૈ 'વ(વા)' કારાય નમઃ શિવાય ॥ ૪ ॥

યક્ષ સ્વરુપાય જટાધરાય પિતાકહસ્તાય સનાતનાય
દિવ્યાય દેવાય દિગંબરાય તસ્મૈ 'ય'કારાય નમઃ શિવાય ॥ ૫ ॥

પંચાક્ષરમિદં પુણ્યં તઃ પઠેત્ શિવ સન્નિધૌ
શિવલોકમવાપ્નોતિ શિવેન સહ મોદતે ॥ ૬ ॥

## બીજા સર્વે વ્રતોમાં શિવરાત્રીનું વ્રત તથા પૂજન ઉત્તમ છે : નિલકંઠ શાસ્ત્રી



- ઈશાન સંહિતા પ્રમાણે શિવરાત્રીનું વ્રત સર્વ પાપ નષ્ટ કરનાર, ભોગ-મોક્ષ આપનાર છે. જાગરણ - પૂજન - ઉપવાસ ત્રણેય મળીને જ વ્રત ગણાય છે. ત્રણેય સાથે હોય તો જ ફળની પ્રાપ્તિ થાય છે.
- સ્કન્દપુરાણાંતર્ગત જે શક્તિમાન ન હોય તેણે પૂર્વવ્રત ન કરતા માત્ર જાગરણ કર્યું હોય તો પણ વ્રત કર્યું ગણાય.
- માઘ (મહા) મહિનાથી કૃષ્ણ ચતુર્દશીને જ મહાશિવરાત્રી કહેવાય. દરેક મહિનામાં શિવરાત્રી આવે તે માત્ર શિવરાત્રી ગણવી.
- શિવરાત્રી રવિવાર કે મંગળવાર કે સોમવારના યોગ વાળી હોય અને દિવસે શિવનામનો યોગ હોય તે રાત્રિકાળ ઉત્તમોત્તમ છે જે આ વખતે છે.
- માઘ મહિનાની શિવરાત્રીએ કૃત્તિવાસ નામના શિવનું પૂજન (કાશી) કરવાથી શિવના પરમધામની પ્રાપ્તિ થાય છે.
- કુલ મળીને ચાર પ્રહર ત્રણ ત્રણ કલાકના હોય છે.
- **પ્રથમ પ્રહર પૂજન લાભાલાભ :** પ્રથમ પ્રહરમાં ૐ શિવાય નમઃ મંત્ર વડે શિવનું પૂજન કરવું પંચોપચાર ષોડશોપચાર વગેરેથી પૂજન કરવાથી શિવ સાયુજ્યની પ્રાપ્તિ થાય છે.
- **દ્વિતીય પ્રહર પૂજન લાભાલાભ -** દ્વિતીય પ્રહરમાં ૐ શ્રી શંકરાય નમઃ મંત્ર વડે શિવનું પૂજન કરવું. અનેક પ્રકારના ઉપચારોથી કરવું. અભિષેક વગેરે કરવા. સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે.
- **તૃતીય પ્રહર પૂજન લાભાલાભ -** તૃતીય પ્રહરમાં ૐ શ્રી મહેશ્વરાય નમઃ મંત્ર વડે પૂજન કરવું. મુક્તિની પ્રાપ્તિ થાય.
- **ચતુર્થ પ્રહર પૂજન લાભાલાભ -** ચતુર્થ પ્રહરમાં ૐ શ્રી રુદ્રાય નમઃ મંત્ર વડે મહાપૂજન અભિષેક કરવું. અનેક સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

## રાયસણનું પંચેશ્વર મંદિર : આસ્થા અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય

ગુજરાતના પ્રથમ ગોકુળિયું ગામ એવા રાયસણ ગામમાં વૃંદાવન સોસાયટીની નજીકમાં જ નિર્માણ પામેલ પંચેશ્વર મંદિર લોકોની આસ્થા અને આધ્યાત્મિકતાના સુભગ સમન્વયનો પરિચય કરાવી રહયું છે. પાટનગર ગાંધીનગરથી તદ્દન નજીક આવેલા આ પંચેશ્વર મંદિર ખાતે વૃંદાવન સોસાયટી સહિત સ્થાનિકો ઉપરાંત ગુડા વસાહતના રહીશો શ્રદ્ધાપૂર્વક ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

પંચેશ્વર મંદિરની વ્યવસ્થાપક કમિટી દ્વારા આ વર્ષે તા.૧.૩.૨૦૨૨ ના રોજ પંચેશ્વર મંદિરના સાનિધ્યમાં મહાશિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી માટેનું આગોતરૂં આયોજન કર્યું છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોને સહભાગી બનવા કમિટી દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.


પંચેશ્વર મહાદેવ

અહીં ભોળાનાથનું શીવમંદિર, શ્રી અંબાજી મંદિર તથા રાધા-કૃષ્ણનું મનોહર મંદિરના લીધે સમગ્ર વિસ્તારમાં ભકિતભાવ અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું છે. પંચેશ્વર મંદિર વ્યવસ્થાપક કમિટી તરફથી અહીં ધાર્મિક અને આધ્યાત્મિક જ્ઞાન મળી રહે તે માટે ધાર્મિક- આધ્યાત્મિક પુસ્તકો વસાવી પુસ્તકાલય પણ ચાલે છે. સાથે સાથે સિનીયર સિટિઝન્સ માટે ધાર્મિક યાત્રાધામોના પ્રવાસ જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. આમ, માત્ર પંચેશ્વર મંદિર રાયસણ, કુડાસણ, કોબા, રાંદેસણ, ધોળાકુવા, પોર તથા ગાંધીનગર સહિંત આજુબાજુના ધાર્મિકજનો માટે પૂજા-અર્ચના અને આસ્થાનું કેન્દ્ર બની રહયું છે.


ધોળેશ્વર મહાદેવ, ધોળેશ્વર



### ધોળેશ્વર મહાદેવ મંદિર

ગાંધીનગર પાસે સાબરમતી નદીને કિનારે નયનરમ્ય વાતાવરણમાં ભગવાન ભોળાનાથ બિરાજમાન છે જેનું નામ ધોળેશ્વર મહાદેવ. ધોળેશ્વર મહાદેવ મંદિરને ગુજરાતના કાશી વિશ્વનાથની ઉપમા અપાઈ છે. જે વ્યક્તિ કાશીમાં વિશ્વનાથના દર્શન નથી કરી શકતો તેને કળયુગમાં ગંગા કશ્યપ પુત્રી સાબરમતીનું સ્નાન અને ભગવાન ધોળેશ્વરના દર્શન કરી કાશીમાં ગંગા સ્નાન અને કાશી વિશ્વનાથના દર્શનનું ફળ મળી જાય છે. પહેલાના સમયમાં ભગવાન ધોળેશ્વરનું નામ ઈન્દ્રદેવ મહાદેવ હતું. પૌરાણિક કથા મુજબ પૂના પેશ્વાની સરકારમાં કડીમાં મહારાજ મલ્હાર રાવ નામે સુબેદાર રાજ કરતા હતા. તે વખતે રાજની ઘોડશાળામાંથી ઘોડાઓની ચોરી કરી નાસી રહેલી ચોર ટોળીનો રાજયના સૈનિકોએ પીછો કર્યો અને ચોર બચવા માટે શિવાલયમાં સંતાઈ ગયા હતા અને બાજુમાં ધૂણી ધખાવીને બેઠેલા સંતને બચાવવા માટે આજીજી કરતાં સંતે ફરીથી આવું કૃત્ય નહીં કરવાની શરતે બચાવ્યા. પરંતુ તેમણે ચોરેલા ઘોડા લાલ અને કાળામાંથી ધોળા થઈ ગયા. ઘોડાના રંગ બદલઈને ધોળા થવાનાં પગલે ઈન્દ્રેશ્વર મહાદેવ ધોળેશ્વર મહાદેવના નામથી ખ્યાતિ પામ્યા હતા.


સોમનાથ મહાદેવ, બ્રહ્મભવન, સેક્ટર-૧૬




સોમેશ્વર મહાદેવ, સેક્ટર-૨૭


ઓમકારેશ્વર મહાદેવ-સેક્ટર-૪